# સેક્ટર-૨૯નો રંગમંચ નગરની નવી ડમ્પીંગ સાઈટ : કચરા અને કાટમાળનો ઢગ ખડકાયો

**સેકટરોના રંગમંચના રીનોવેશન પાછળ કરોડોના ખર્ચ બાદ જાળવણીના નામે મીંડુ : ખુલ્લા મીટર બોર્ડ લોખંડના થાંભલા અને કચરાના કન્ટેઇનરના ખડકલાથી ભંગારખાના જેવી સ્થિતિ**





ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં રંગમંચ અને લગ્નવાડી કોર્પોરેશનને સોંપી દેવાયા છે. આમ નાગરિકોને યોગ્ય સુવિધા મળી રહે તે માટે સેકટરોની લગ્નવાડી અને રંગમંચનુ રીનોવેશન પણ કરી દેવામાં આવ્યુ છે. પરંતુ નવિનીકરણ પાછળ તોતિંગ ખર્ચ પર પાણીઢોળ થયુ હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે. સે-૨૯ ના રંગમંચની દશા ભંગારખાના જેવી થઈ ગઈ છે. નગરની નવી ડમ્પીંગ સાઈટ આ ઠેકાણે જ ચાલુ કરી દેવાઈ હોય તેવા ભયાનક ગંદકીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. કચરાના ઢગ અને લોખંડી કાટમાળથી ઘેરાયેલા સંકુલથી સ્વચ્છતાના મામલે કોર્પોરેશનનો અસલ મિજજ છતો થતા સ્થાનિકો આગ બબુલા બન્યા છે.

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત રંગમંચ અને લગ્નવાડી હવે કાર્પોરેશનને હસ્તક છે. અલબત્ત માર્ગ મકાન વિભાગે સેકટરોમાં રંગમંચ અને લગ્નવાડી મહાનગરપાલિકાને સોંપી દીધા છે. જેના અંતે હવે રંગમંચોની નિભાવણી અને સંચાલન પણ કોર્પોરેશન કક્ષાએથી કરવામાં આવે છે. દાયકાઓના અંતે કંગાળ બનેલા સેકટરોના રંગમંચને મરણપથારીએથી બેઠા કરવા માટે તબક્કાવાર રીનોવેશન પણ કરવામાં આવ્યુ છે. જેની પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ વર્ષો સુધી માત્ર કચરો એકત્રિત કરવાનુ કામ કરતા તંત્રને તબક્કાવાર નવી જવાબદારીઓ સોંપવામાં આવી રહી છે. જેમાં હવે સેકટરોના આંતરિક માર્ગોની જાળવણીનુ કામ પણ કોર્પોરેશનના શીરે છે. જયારે સફાઈનુ કામ પણ કોર્પોરેશન દ્વારા કરવમાં આવે છે. પરંતુ સેકટરોમાં ખદબદતી ગંદકીથી પણ નાગરિકો ગુંગળામણ અનુભવી રહ્યા છે. હાલ એક નજર કરીએ તો સે-૨૯ માં સ્થિત રંગમંચ શહેરની નવી ડમ્પીંગ સાઈટ તરીકે

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ૭૩૫ લાખના ૨૮૫ વિકાસ કામોને મંજૂરી

**જિલ્લા આયોજન મંડળની બેઠકમાં ૨૦૨૩-૨૪ માટે રૂ. ૭૩૫ લાખના ૨૮૫ વિકાસ કામોને મંજૂરી અપાઈ : રાજ્ય ગૃહમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં સુગ્રથિત અને સર્વાંગી વિકાસ કામોને મંજૂરી અપાઈ**




ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની આજે પ્રભારી રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં રૂ. ૭૩૫ લાખના ૨૮૫ જેટલા વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના પ્રભારી રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં તેમણે જિલ્લાના સુગ્રથિત અને સર્વાંગી વિકાસના ધ્યેય સાથે રજુ થયેલા કામો મંજૂર કરવા સાથે નિયત સમય મર્યાદામાં તે પૂર્ણ થાય તે જોવા જણાવ્યુ હતુ.

જિલ્લા આયોજન મંડળમાં આજે રજુ થયેલા કામોમાં શિક્ષણ વિભાગના ૯૦ લાખના કામો, આરોગ્યના ૫૦ લાખના કામો, ગટરના કામો માટે ૧૪૮ લાખના કામો, પાણી પુરવઠાના ૧૨૬ લાખના કામો, આંગણવાડીના ૩૦ લાખના કામો, સી.સી. રોડના કામો માટે ૧૦૫ લાખ તેમજ વીજળીકરણના કામો માટે રૂ. ૩૨ લાખના કામો સૂચવવામાં આવ્યા હતા જેને મંજૂરી આપવામાં આવી છે.

આજે મળેલ આયોજન મંડળની બેઠકમાં જિલ્લાની વિવિધ શાળાના ૧૨ વર્ગખંડોને સ્માર્ટરૂમમાં પરિવર્તત કરવાના તેમજ ૬ નવી આંગણવાડીના નિર્માણ કાર્ય માટે તેમજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મલ્ટી પેરા મેડીકલ મોનીટરીંગ સિસ્ટમ માટેના કામો મંજૂર કરવામાં આવ્યા છે.

આયોજન મંડળની આ બેઠકમાં વર્ષ-૨૦૨૩-૨૪ માટે તાલુકા કક્ષાની વિવિધ જોગવાઈ જેવી કે વિવેકાધીન જોગવાઈ, ખાસ અંગભુત જોગવાઈ, પ્રોત્સાહક જોગવાઈ અને ખાસ ભૌગોલિક પછાત વિસ્તાર જોગવાઈ માટે મળવાપાત્ર થતી રૂ. ૫૦૦ લાખની ગ્રાન્ટની સામે રૂ. ૫૦૦ લાખના કામો મંજૂર કરાયા હતા. નગરપાલિકા

● અનુસંધાન પાન-૭ પર

## ટ્રાફીકની સમસ્યાના ઉકેલ માટે ધારાસભ્ય રીટાબેન પટેલે મુખ્યમંત્રીને પત્ર લખ્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યએ રાજ્યના મુખ્યમંત્રીને આગામી બજેટમાં સ્ટેટ રોડને ચાર માર્ગીય બનાવવા તેમજ પેથાપુર ચાર રસ્તા ઉપર ફલાય ઓવર બ્રિજ બનાવવા માટેની મંજુરી માંગતો પત્ર લખ્યો છે. ટ્રાફિકની સમસ્યાના ઉકેલ માટે ધારાસભ્યએ આ પહેલ કરી લોકોની સુવિધા માટે સરકાર પાસે માંગણી કરી છે. પેથાપુર ચાર રસ્તાથી રાંધેજા ચાર રસ્તા સુધીના સ્ટેટ રોડને ચાર માર્ગીય બનાવવા માટે આગામી બજેટમાં સમાવેશ કરવા વિનંતી કરી છે. આ ઉપરાંત રીટાબેને ગાંધીનગર પેથાપુર મહુડી રોડ ઉપર થતા ટ્રાફિક જામને પગલે ઓવરબ્રિજ બનાવવાની પણ માંગ કરી છે. તેઓએ પત્રમાં જણાવ્યું છે કે ટ્રાફિકને કારણે ઘણીવાર તો એક કિલોમીટર લાંબી વાહનોની કતાર લાગી જાય છે, ત્યારે પેથાપુર ચાર રસ્તા ઉપર ફલાય ઓવર બ્રિજ બનાવવામાં આવે તો ટ્રાફિકની સમસ્યા હલ થઈ શકે છે.

# જાન્યુઆરીમાં ૨ કરોડ ૩૮ લાખનો મિલ્કત વેરાની વિક્રમી વસુલાત

**મિલ્કતવેરાની વસુલાત માટે મનપાના આક્રમક તેવર : જાન્યુઆરીમાં ૨૫ મિલ્કતો તંત્રની ટીમે સીલ કરી**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગર પાલિકાએ મિલ્કતવેરાની બાકી વસુલાતને લઈ લાલ આંખ કરવાના દાખવેલા અભિગમને લઈ જાન્યુઆરી માસમાં જ રૂ. ૨.૩૮ કરોડની વેરા વસુલાત કરી છે.

મળતી વિગતો પ્રમાણે મિલ્કતવેરાના બાકીદારોને નોટીસ આપ્યા પછી તંત્રએ હવે સિલીંગ અને જપ્તી માટેની કામગીરી શરૂ કરી છે. તંત્રએ ૧૫૩૨ જેટલા બાકીદારોને લેણી રકમ માટે ૧૫ દિવસનો સમય નોટીસ દ્વારા આપ્યો હતો.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૫૮ વાણિજ્ય એકમોનું જાન્યુઆરી માસમાં ટાંચ અને જપ્તીનું વોરંટ જારી કરતાં જ ૨૫ જેટલા મિલ્કતધારકોની મિલ્કોત સીલ કરી દીધી છે.

આ કામગીરી દરમ્યાન સ્થળ પર જ અન્ય બાકીદારો દ્વારા રૂ. ૨ કરોડ ૨૬ લાખ જેટલી વસુલાત ચુકવી આપી છે. જાન્યુઆરી માસના અંતે મિલ્કતવેરાની વસુલી પેટે રૂ. ૨.૩૮ કરોડની આવક મનપાને મળી છે.

તંત્ર દ્વારા મિલ્કતો સીલીંગ કરવા સહિતની કામગીરી આ મહિને પણ ચાલુ રાખવામાં આવી છે.

મનપાએ બજેટમાં મિલ્કતવેરાની આવક પેટે રૂ. ૪૫ કરોડની આવકનો અંદાજ મુક્યો હતો જે પૈકી જાન્યુઆરી અંતિત ૪૨.૬૬ કરોડ જેટલી આવક થઈ ચુકી છે. ડિસેમ્બર મહિના સુધીમાં આ આવક રૂ. ૪૦.૨૪ કરોડ થઈ હતી.

મળતી વિગતો પ્રમાણે આજે વસુલાત માટે સિલીંગની કામગીરી કરવા ગયેલી ટીમે રૂ. ૩૦ લાખ જેટલી વસુલાત કરી છે. આજે ૩૨ જેટલા એકમોની સીલીંગની કામગીરી કરવાનો લક્ષ્યાંક નિયત થયો હતો.

મનપા દ્વારા મિલ્કતવેરાની વસુલાત માટે આ વખતે આક્રમક રવૈયો અપનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મનપાએ આ વખતે સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાનો સહિતના મિલ્કતવેરાના બાકીદારોને નોટીસ મોકલી છે. રાજ્ય સરકાર પાસેથી વિવિધ મિલ્કતોના મિલ્કતવેરા પેટે રૂ. ૪૨ કરોડની વસુલાત બાકી છે.

## શહેરમાં વધુ દોઢ ડિગ્રી તાપમાન ઘટ્યું : ઠંડીનો ચમકારો વધ્યો

**રાજ્યમાં હજુ ઠંડા પવનો ફૂંકાશે : માવઠાની શક્યતા નહીવત : વાતાવરણ સુકુ રહેશે**

ગાંધીનગર, તા. ૨

માવઠા અને ધુમ્મસભર્યા વાતાવરણ બાદ હવે પુનઃ ઠંડી વધવા માંડી છે. લઘુત્તમ તાપમાનમાં દોઢ ડીગ્રી જેટલો ઘટાડો થતાં લઘુત્તમ તાપમાન ૧૧.૩ ડિ.સે. પહોંચ્યુ છે. આગામી દિવસોમાં હજુ ઠંડા પવનોનું જોર યથાવત રહેશે.

છેલ્લા પંદર દિવસથી વાતાવરણમાં સતત પલ્ટો આવી રહ્યો છે. ઉત્તરાયણ સમયે લઘુત્તમ તાપમાનમાં ભારે ઘટાડા બાદ થોડાક દિવસ માવઠાનો માહોલ રહ્યો હતો. રાજ્યના ઘણા જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદની સાથોસાથ ઘણા શહેરોમાં ધુમ્મસભર્યુ વાતાવરણ છવાયુ હતુ. ધુમ્મસભર્યા વાતાવરણની અસર બે-ત્રણ દિવસ રહી હતી તે પછી પુનઃ વાતાવરણ સુકું બન્યુ છે. ઠંડા પવનોનું જોર વધતા ધીમે ધીમે લઘુત્તમ તાપમાન ઘટી રહ્યુ છે. ૩૧મી જાન્યુઆરીના રોજ લઘુત્તમ તાપમાન ૧૪.૨ ડિ.સે. નોંધાયુ હતુ. ત્યારબાદ ગઈકાલે તે ૧૨.૮ ડિ.સે. રહ્યુ હતુ. જ્યારે આજે પુનઃ લઘુત્તમ તાપમાનમાં દોઢ ડિગ્રી જેટલો ઘટાડો થતાં લગુત્તમ તાપમાન ૧૧.૩ ડિ.સે. નોંધાયુ હતુ.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી બે-ત્રણ દિવસ હજુ ઠંડા પવનોનું જોર રહેશે. હમણાં એકાદ અઠવાડિયા સુધી માવઠાંની કોઈ શક્યતા નથી. આગામી એક અઠવાડિયા સુધી માવઠાંની કોઈ શક્યતા નથી. વાતાવરણ સુકુ રહેતા ઠંડીમાં વધારો થશે. આગામી દિવસોમાં રાજ્યના અનેક વિસ્તારોમાં તાપમાનનો પારો ચારથી પાંચ ડિગ્રી જેટલો ગગડતાં પુનઃ કાતિલ ઠંડીનો અનુભવ થઈ શકે છે.

# નાગરિક બેંકની ચુંટણીના કેસમાં હવે ૮મીએ મુદત

**આગામી ૧૨ ફેબ્રુઆરીએ ચુંટણી યોજવાની જાહેરાતના અંતે એક બાદ એક સવાલો મંડરાતા મામલો કોર્ટમાં પહોંચ્યો : ચુંટણીનુ ચિત્ર સ્પષ્ટ થતા હજુ સમય લાગશે**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર નાગરિક બેંકની ચુંટણીની જાહેરાત થતાની સાથે જ ચુંટણી પ્રક્રીયા સામે અનેક સવાલો મંડરાતા મામલો કોર્ટ સુધી પહોંચ્યો છે. જેમાં આજે બેંક કક્ષાએથી જવાબો રજુ કરાયા બાદ હવે આ કેસ સંદર્ભે કોર્ટે આગામી તા ૮ ફેબ્રુઆરીની મુદત આપી છે. જેના અંતે બેંકની ચુંટણીને અનુલક્ષી આગળનુ ચિત્ર સ્પષ્ટ થશે.

ગાંધીનગર નાગરિક બેંકની ચુંટણી હાલ ચર્ચાની એરણે છે. આગામી તા ૧૨ ફેબ્રુઆરીના રોજ બેંકની ચુંટણી યોજવાની જાહેરાતના અંતે ચુંટણી પ્રક્રીયા સામે અનેક સવાલો મંડરાતા આખરે સમગ્ર મામલો અમદાવાદ સ્થિત નોમિની કોર્ટમાં પહોંચ્યો છે. અગાઉ કોર્ટ દ્વારા આ મામલે તા ૨ ફેબ્રુઆરી સુધીનો વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવ્યો હતો જયારે આજે હાથ ધરાયેલી પ્રક્રીયા દરમિયાન બેંક કક્ષાએથી પણ જવાબો રજુ કરાયા હતા. બેંકમાં આઠ વર્ષથી બોર્ડ ઓફ ડિરેટર્સમાં સ્થાન ધરાવતા સભ્યો તેમજ બેંકની મતદાર યાદી અને ચુંટણીલક્ષી પ્રક્રીયાને અનુલક્ષી ઉઠેલા સવાલોને અનુલક્ષી રજુ થયેલા જવાબો બાદ કોર્ટે આ કેસ સંદર્ભે આગામી તા ૮ ફેબ્રુઆરીની મુદત જાહેર કરી છે. જેથી હવે બેંકની ચુંટણી સંદર્ભે આગામી સપ્તાહમાં કોર્ટ કક્ષાએથી આગળની કાર્યવાહી હાથ ધરાશે. ગાંધીનગર નાગરિક બેંકમાં હાલની સ્થિતિએ અંદાજિત ૩૯ હજાર જેટલા સભાસદો નોંધાયેલા છે. અલબત્ત ચુંટણીમાં મતાધિકાર ધરાવે છે. નાગરિક બેંકની ચુંટણી પણ નગરજનો માટે રસપ્રદ બની રહે છે. જેના લીધે જ જયારથી ચુંટણી જાહેર થઈ ત્યારથી નગરના અગ્રણીઓનુ ધ્યાન પણ ચુંટણીલક્ષી ગતિવિધિઓ તરફ મંડરાયુ છે. આવા સંજોગોમાં સમગ્ર મામલો સવાલોના ઘેરાવમાં આવતા ચુંટણીલક્ષી ઉત્તેજના

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરોની મુલાકાતે નીતિ આયોગની ટીમ

**રાંચરડા પ્રા.આ. કેન્દ્ર તેમજ આદરજ મોટીના પેટા કેન્દ્રની મુલાકાત લઈ લાભાર્થીઓ સાથે અને આર.બી.એસ.કે. ટીમ સાથે પણ સંવાદ કર્યો**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરોની કામગીરી અને તેની સામેના પડકારોના અભ્યાસ માટે આજે નીતિ આયોગની ત્રણ સભ્યોની ટીમ જિલ્લાના પ્રવાસે હતી.

નીતિ આયોગના ડૉ. શોલિત અને અન્ય બે સભ્યોની એમ ત્રણ અધિકારીઓની ટીમે આજે રાંચરડા પ્રા.આ. કેન્દ્ર તેમજ આદરજ મોટી વેલનેસ સેન્ટર પેટા કેન્દ્ર નં. ૨ ની મુલાકાત લીધી હતી. ટીમે ખુબ જ ઝીણવટભરી રીતે આ કેન્દ્રોની મુલાકાત લીધી હતી એટલુ જ નહિ આ કેન્દ્રોના લાભાર્થીઓ સાથે પણ તેમણે વિગતવાર જાણકારી વાતો કરી મેળવી હતી. તેઓ જિલ્લામાં હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો દ્વારા ચાલી રહેલી કામગીરીથી પ્રભાવિત થયા હતા.



તેમણે હેલ્થ એન્ડ વેલનેસ ટીમના સભ્યોસાથે વાતચીત પણ કરી હતી. આર.બી.એસ.કે.ની ટીમ સાથેની વાતચીતમાં શાળાઓમાં હેલ્થ એમ્બેસેડરની નિમણુંકો કરાઈ છે કેમ તેવો પ્રશ્ન પુછી બાળ-આરોગ્ય ચકાસણીની વિગતો મેળવી હતી.

મળતી વિગતો પ્રમાણે જાન્યુઆરી મહિનામાં બાળકોના આરોગ્યની ચકાસણી દરમ્યાન

● અનુસંધાન પાન-૭ પર

# રાત્રિના ૧૧ વાગ્યા બાદ અમદાવાદથી ગાંધીનગર રૂટમાં બસ સેવાના નામે મીંડુ

**રેલવે સ્ટેશન તેમજ ગીતામંદિરથી આવતા પ્રવાસીઓ તેમજ નિયમિત અપડાઉન કરનારા નોકરિયાતોને મુશ્કેલી : કોરોના કાળથી રાત્રિની બસ સેવા ખોરવાઇ ગઇ છે : ડેપોએ રૂટમાં યોગ્ય ફેરફાર કરવાની અનિવાર્યતા**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર એસ ટી ડેપો સમસ્યાઓથી ઘેરાયેલુ રહે છે. જયારે હાલ મુસાફરલક્ષી દુવિધાઓ પણ વધી છે. એકબાજુ પર્યાપ્ત રૂટમાં જરૂર મુજબ બસો દોડતી ન હોવાનો રોષ ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં કોરોના કાળ બાદ અગાઉ નિયમિત રૂપે દોડતી એસ ટી બસ સેવાના રૂટમાં પણ ફેરફાર કરી દેવાતા હાલ મુસાફરોને લાંબા સમયથી હાલાકી વેઠવી પડે છે. અમદાવાદથી ગાંધીનગર આવવા માટે રાત્રિના સમયે બસ મળતી ન હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. રાત્રિના ૧૧ વાગ્યા બાદ અગાઉ નિયમિત રૂપે બસ સેવા ઉપલબ્ધ થતી હતી પરંતુ છેલ્લા બે વર્ષથી આ સેવા ખોરવાઈ ગઈ છે. જેના લીધે ગીતામંદિર સ્ટેન્ડ તેમજ રેલ્વે સ્ટેશન પર બહારથી આવતા મુલાકાતીઓને પણ બસ સેવા માટે વલખા મારવા પડે છે. એટલુ જ નહી પરંતુ ગાંધીનગર અમદાવાદ વચ્ચે રાત્રિના સમયે નોકરીના અંતે અપડઉન કરનારાને પણ ખાનગી વાહનોમાં અવરજવર કરવી પડે છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરલક્ષી અનેક સમસ્યાઓ છે. મુસાફરોના ખિસ્સા પણ સલામત રહેતા નથી ત્યારે ડેપો કક્ષાએથી શહેરી બસ સેવાના રૂટ યોગ્ય રીતે ન ગોઠવાતા અપડાઉનકર્તાઓએ પરેશાની વેઠવી પડે છે. તેમાંય ખાસ કરીને રાત્રિના સમયે ૧૧ વાગ્યા બાદ અમદાવાદથી ગાંધીનગર આવતા નોકરીયાતોને સલામત સવારી નસીબ થતી નથી અમદાવાદથી કામ કરીને પરત ગાંધીનગર આવતા નાગરિકોની સંખ્યા પણ વિશેષ છે. જયારે રાત્રિના સમયે ૧૧ વાગ્યા બાદ એસ ટી ની બસ

● અનુસંધાન પાન-૭ પર


**નામ બદલેલ છે**

મારા નામના સ્પેલીંગમાં KALPNA SINGH ને હવે KALPANA SINGH કરેલ છે. જેની નોંધ લેવા વિનંતી.

૨૧/૭, છ-ટાઈપ, સેક્ટર-૨૮, ગાંધીનગર



દસમી પુણ્યતિથિએ
**શ્રદ્ધાંજલિ**



**સ્વ. જયાબા કેસરીસિંહ વાઘેલા**
સ્વર્ગવાસ તા. ૩-૨-૨૦૧૩

આપનું જીવન, પરિવાર, સગા-સંબંધી અને સમાજ માટે સમર્પિત રહ્યું. આપ વિના અમો ઉણપ અનુભવીએ છીએ. આપના આદર્શો, મહેનત, સંઘર્ષ, મનોબળ, સફળતા, સમભાવ અને પ્રેમાળ સ્વભાવ અમારા જીવનનો સુપથ નક્કી કરશે જ.

અમે ગમગીન હૃદયે અને અવિરત અશ્રુભીની આંખે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે, આપને સદ્‌ગતિ અર્પે.

**કેસરીસિંહ ગોબરસિંહ વાઘેલા (લેકાવાડા)**
અમરીષસિંહજી કે. વાઘેલા  ધવલસિંહજી કે. વાઘેલા
પ્રવિણસિંહજી બી. વાઘેલા  પૃથ્વીરાજસિંહજી કે. વાઘેલા



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com